બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે નવી ગ્રાન્ટ નીતિ અન્વયે ઉપસ્થિત થયેલ વિવિધ મુદ્દાઓની સ્પષ્ટતાઓ.

ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃબમશ-૧૧૯૯!૧૯૧૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૦-૧૧-૧૯૯૯

**વંચાણે લીધા:-**

૧. શિક્ષણ વિભાગનો તા.૩૦-૬-૯૯ના ઠરાવ ક્રમાંકઃબમશ-૧૧૯૯-૭૪૧-(૧)-ગ,
૨. શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯ના ઠરાવ ક્રમાંકઃબમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ,
૩. શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯ના ઠરાવ ક્રમાંકઃબમશ-૧૧૯૯-૭૪૧(૩)-ગ,
૪. શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯ના ઠરાવ ક્રમાંકઃબમશ-૧૧૯૯-૭૪૧(૪)-ગ,
૫. શિક્ષણ વિભાગનો તા.૧૩-૮-૯૯ના ઠરાવ ક્રમાંકઃબમશ-૧૧૯૯-૭૪૧(૬)-ગ,

## પરિપત્ર:-

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સહાય અનુદાનની નવી ગ્રાન્ટ નીતિ અને તે સંલગ્ન પગાર ખર્ચ, મકાન ભાડુ, ઇતર ખર્ચ, ટયુશન ફી, શિક્ષણ-વહીવટી-સાથી સહાયક યોજના તથા કન્યા કેળવણી વગેરે બાબતે, ઉપર વંચાણે લીધેલ વિવિધ ઠરાવો બહાર પાડવામાં આવેલા છે. આ ઠરાવોના સંદર્ભમાં કેટલાક સંઘ-મંડળો-મહા મંડળોએ કેટલાક મુદ્દાઓ ઉપસ્થિત કરી તે અંગે સ્પષ્ટતા કરવા સરકારશ્રીને રજુઆતો કરી હતી, ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ પર સરકારે પુખ્ત રીતે વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે મુદ્દાવાર સ્પષ્ટતાઓ કરેલ છે

| . | ઉપસ્થિત કરેલ મુદ્દાઓ. | સંબધિત મુદ્દાની સ્પષ્ટતા. |
|---|---|---|
| ૧ | જે સંસ્થાઓની ગ્રાન્ટ રીકવરી કરવાની બાકી છે. તેની વસુલાત કેવી રીતે કરવી ? તેઓને વિકલ્પ આપવા દેવો કે કેમ? | (૧ ) જે સંસ્થા -શાળાની ગ્રાન્ટની રીકવરી બાકી રહે છે, તેઓએ પ્રથમ રીકવરીની રકમ ભરપાઇ કરવાની રહેશે. રીકવરીની રકમ ભરપાઇ થયા બાદ જ નવી ગ્રાન્ટ નીતિનો વિકલ્પ . આપવા દેવામાં આવશે. |
| ૨ | મકાન ભાડુ-ઇતર ખર્ચના હેતુ માટે વિકલ્પનો અમલ કયારથી ગણવાનો રહેશે ?. | (૨) જે તે સંસ્થા આ માટેનો વિકલ્પ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને મોકલે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તેને મંજુરી આપે તે માસથી મકાન ભાડા-ઇતર ખર્ચના હેતુ માટેનો વિકલ્પ અમલી બનશે. |
| ૩ | આ ઠરાવ બહાર પડયા છે. ત્યારે સંસ્થામાં ખાલી પડેલ જગાઓ ભરવા માટે એન.ઓ.સી. લેવાની રહેશે કે કેમ? | (૩) શાળાઓએ નવી ભરવાની થતી ખાલી જગ્યાઓ માટે એન.ઓ.સી. લેવાનુ રહેશે, અને નાણા વિભાગના તા.૯-૯-૯૮ના ઠરાવની જોગવાઇઓના સંદર્ભમા નકકી થયા મુજબ શૈક્ષણિક સંવર્ગની ૫૦ ટકા જેટલી ખાલી જગાઓ માટે એન.ઓ.સી. આપવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૪ | શાળાઓએ અગાઉ ભરતી માટે એન.ઓ.સી. મેળવેલ હોય તો તેમને પુરા પગારની જગા પર ભરતી કરવા દેવામાં આવશે કે કેમ ? | (૪) શાળાઓને અગાઉ એન. ઓ. સી. મેળવેલ હશે અને ભરતીની કાર્યવાહી(પ્રક્રિયા ) ઠરાવની તારીખે જો પૂર્ણ થઇ હોય અને માત્ર ડી. ઇ. આ એ. બહાલી આપવાની બાકી હોય તો તેવી સંસ્થાને જૂની નીતિ પ્રમાણે પૂરા પગારે શિક્ષક મુકવા દેવાશે પરંતુ તેને ૧:૩ રેસિયા સામે એડજસ્ટ કરવાના રહેશે. આ સિવાય તમામ નવી નિમણૂંકો નવી નીતિ પ્રમાણે કરવાની રહેશે. |
| ૫ | ગ્રાન્ટ નીતિનો અમલ જુન-૧૯૯૯ થી કરવાનું જણાવેલ છે. તેને બદલે નાણાંકીય વર્ષ ( એપ્રિલ ૧૯૯૯) થી કરવા અંગેનો સુધારો કરવા સૂચન. | (૫) આ બાબતમાં ઠરાવનો અમલ જુન-૯૯ થી કરવો અને એપ્રિલ,મે, ૧૯૯૯ સુધીની બે માસની મકાનભાડાની ગ્રાન્ટ જૂની નીતિ પ્રમાણે મળવાપાત્ર ગણવી. |
| ૬ | મકાનભાડું ૩૫ ટકા મુજબ મેળવવા માટે કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર લાવવું જરુરી છે કે કેમ ? તેમજ તા. ૧૬-૭-૯૨ ના ઠરાવ મુજબ સંસ્થાની માલિકીના મકાનની મૂળ કિંમતના ૫ ટકા ભાડું આકારવાની જોગવાઇ છે. તે યથાવત ચાલુ રહેશે કે કેમ ? | (૬) સને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં જે ખરેખર મકાન ભાડાની રકમ શાળાને ચુકવાઇ છે તે રકમ ૩૫ ટકાની મર્યાદામાં ચૂકવવામાં આવે. આમ કરવાથી કાર્યપાલક ઇજનેરશ્રી પાસેથી નવેસરથી મકાન ભાડાની યોગ્યતાનું પ્રમાણપત્ર અથવા મૂળ કિંમતના ૫ ટકાની ગણત્રી વિગેરે કરવાની રહેશે નહી. |
| ૭ | કોઇ સંસ્થાનું મકાન ભાડું મળવાપાત્ર ૩૫ ટકા ની રકમથી ઓછું હોય તો વધારાની રકમ પરત કરવાની રહે કે ૬૫ ટકાના ઇતર ખર્ચ પેટે ઉપયોગમાં લઇ શકે કે કેમ ? | (૭) જો ખરેખર મકાન ભાડું ૩૫ ટકાની રકમથી ઓછું હોય તો બાકીની રકમ અન્ય ખર્ચ પર વાપરી શકાશે નહી. કારણ કે, ૬૫ ટકા ખર્ચમાં શાળાને જે કંઇ ખર્ચ કરવું પડે તેવી તમામ બાબતો ઇતર ખર્ચની બાબતોની યાદીમાં આવરી લેવામાં આવી છે. |
| ૮ | કોઇ શાળા ફી લેવાનો વિકલ્પ ધોરણવાર અથવા તો વર્ગવાર ક્રમશઃ રીતે આપે એટલે કે પ્રથમ વર્ષે ધોરણ-૮, બીજા વર્ષે ધોરણ-૯ માટે અને ત્રીજા વર્ષે ધોરણ-૧૦ માટે ફી લેવાનો વિકલ્પ આપવા માગતી હોય તો તે મુજબ વિકલ્પ રાખવા દેવો કે કેમ , તે જ પ્રમાણે પ્રથમ વર્ષે ત્રણ વર્ગોમાંથી બે વર્ગો માટે અને પછીના વર્ષે બાકીના એક વર્ગ માટે વિકલ્પ આપવા માગે તો તે પ્રમાણે વિકલ્પ આપી શકે કે કેમ? | (૮) હા, જે તે માધ્યમિક શાળા જે વર્ષ માટે જે વર્ગ કે વર્ગો માટે ફી લેવાનો વિકલ્પ આપવા માગે તે મુજબ વિકલ્પ આપી શકશે. તેના બાકી રહેતા વર્ગો માટે તે વર્ષ માટે તેને જુની નીતિ પ્રમાણ ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે. |

નવી ગ્રાન્ટ નીતિની સંદર્ભમાં તમામ કાર્યવાહી હવે ઉપર મુજબની સ્પષ્ટતાઓને અનુલક્ષીને કરવા અને તેનો ચૂસ્તપણ અમલ કરવા તમામ સંબંધિતોને આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[redacted] શાહ)
[redacted] અધિકારી,
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
૨. માન. રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ ( પત્રથી)
૩. માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માનનીય મંત્રીશ્રી( પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માનનીય રા.ક. મંત્રીશ્રી ( પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. માનનીય રા. ક. મંત્રીશ્રી (ઉ. અને ટે. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર- વડોદરા.
૯. કમિશ્નરશ્રી, (યુનિવર્સિટી અને કોલેજો) ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૦. કમિશ્નરશ્રી, (સ્કૂલ્સ) ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૧. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
૧૨. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ- રાજકોટ.
૧૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર- અમદાવાદ.
૧૪. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ.
૧૫. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૬. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
૧૭. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ.
૧૮. સંબંધિત સરકાર માન્ય સંઘો ( કમિશ્નરશ્રી (સ્કૂલ્સ) મારફત)
૧૯. ડી એસ. ઓ. ફાઇલ.
૨૦. સિલેકટ ફાઇલ- ગ- શાખા.